મોડાસાથી માઈભક્તો વિવિધ પદયાત્રી સંઘ સાથે અંબાજી તરફ પ્રયાણ

ઈશ્વર પર શ્રદ્ધાનો વિષય હોય તેમાં ક્યારેય પુરાવાની જરૂર પડતી નથી જગત જનની આદ્યશક્તિ માં અંબાની આરાધના અર્થે ભાદરવી પૂનમે દર્શનમાં ઉપસ્થિત રહી માતાજીના દર્શનનો લ્હાવો ધાર્મિક પુણ્યનું ભાથું બાંધવાની ખેવનામાં મોડાસા શહેરના માઈભક્તો વિવિધ પદયાત્રી સંઘ સાથે ધીરે ધીરે અંબાજી તરફ પ્રયાણ કરતા મોડાસા શહેરના માર્ગો પર ભજન-કીર્તન અને ગરબાની રમઝટ અને લાલ ધજાઓ સાથે પસાર થતા ભક્તિમય માહોલ બન્યો હતો. માર્ગો પર લાલ ધજાઓ અને લાલ રંગની છત્રીઓએ અનોખું આકર્ષ જમાવ્યું હતું. મોડાસાથી અંબાજી જતા વિવિધ પદયાત્રી સંઘમાં તાલુકા પંથકના ભક્તો જોડાય છે.

ભિલોડામાં માર્ગો પર રખડતા પશુઓથી વધતી હાલાકી

ભિલોડા,તા.૧

ભિલોડામાં માર્ગો ઉપર રખડતા પશુઓથી પ્રજાજનો અને વાહનચાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે.મુખ્ય માર્ગો પશુઓની ગમાણોમાં ફેરવાયા છે.ભિલોડામાં ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર રખડતા પશુઓથી પ્રજાજનો, રાહદારીઓ, વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. ભિલોડામાં વિવિધ વિસ્તારોના માર્ગો ઉપર રખડતી ગાયો, બકરાં, ગધેડાં, કુતરાઓના અડિંગા રહેતા હોવાથી ટ્રાફિકમાં ભારે અવરોધ સર્જાય રહ્યો છે ત્યારે કેટલાક વાહન ચાલકોને ગાયો અને સાંઢ શીંગડે ચડાવતા હોવાથી અકસ્માતો વધ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

ગાયને માતા કહેનારા હિંદુઓ ગાયમાતાને રખડતી મુકી દેતાં જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જીવદયા પ્રેમીઓના જણાવ્યા મુજબ ગાય સહિત અનેક પશુઓને રેઢાં મુકનારા પશુપાલકો સામે લાગતા-વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે પગલાં ભરવા જીવદયા પ્રેમીઓની પ્રબળ લોકમાંગણી છે.

ભિલોડા તાલુકા મથકે જાહેરમાર્ગો ઉપર, શોપીંગ સેન્ટરો આગળ, સોસાયટી વિસ્તારો આગળ, મંદીરો પાસે ઠેર-ઠેર ગાયોના ટોળે-ટોળા અડિંગો જમાવી બેસતા હોવાથી રાહદારીઓ,વાહન ચાલકોની મુશ્કેલીઓમાં ઔર વધારો જોવા મળી રહ્યો છે. રખડતા પશુઓના કારણે સ્વચ્છ રહેતા સોસાયટી વિસ્તારોમાં પણ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

ભિલોડાના આસપાસના સીમવિસ્તારમાં રખડતી ગાયોના ટોળે-ટોળા સીમવિસ્તારમાં કેટલાય ખેતરોમાં રાત્રીના સુમારે ઉભા પાકનું ભેરાણ કરી દેતા હોય છે જેના કારણે ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી રખડતા પશુઓનો ત્રાસ અસહ્ય વધી રહ્યો છે.રખડતી ગાયોના ટોળે-ટોળા જાહેર માર્ગોની વચ્ચે અડિંગો જમાવતા હોવાથી વાહન ચાલકો, રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી માર્ગો ઉપર રખડતા પશુઓનો ત્રાસ જોવા મળે છે.વાહનોની ગીચતા વચ્ચે ગાયોના ટોળે-ટોળા ટ્રાફીકને અવરોધતા હોવાથી રાહદારીઓ, વાહનચાલકોની હાલાકીમાં વધારો થયો છે.

જાગૃત ગ્રામજનોના જણાવ્યા મુજબ લાગતા-વળગતા તંત્રના જબાવદાર અધિકારીઓ ધ્વારા રખડતા પશુઓને રેઢાં મુકનારા માલિકો સામે સત્વરે કડક કાર્યવાહી કરવી જોઈએ તેવો સુર વાહનચાલકો તેમજ રાહદારીઓમાંથી ઉઠવા પામ્યો છે.જાહેર માર્ગો ઉપર અડિંગો જમાવી બેઠેલી ગાયો તસ્વીરમાં દ્રષ્ટીગોચર થાય છે.

મોડાસાના ઉમેદપુર પાસે ટ્રક એસ.ટી. બસના પીકઅપ સ્ટેન્ડમાં ઘુસી

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શામળાજી હાઈવે પર ઉમેદપુર (જીવણપુર) પાસે શામળાજી તરફથી મોડાસા તરફ જતી ટ્રક એસ.ટી. બસના પીકઅપ સ્ટેન્ડમાં ઘુસી ગઈ હતી. જેમાં ટ્રકના ડ્રાઈવર અને ક્લીનરને સામાન્ય ઈજાઓ થઈ હતી. સદ્દનસીબે મોટી જાનહાની ટળી હતી.

ભાજરવી પૂનમના મેળાનો માહોલ છે ત્યારે મોડાસા શામળાજી હાઈવે પર પદયાત્રીઓનો ધસારો છે. ત્યારે રાત્રી દરમ્યાન એસ.ટી. બસના પીકઅપ સ્ટેન્ડમાં પદયાત્રીઓ આરામ કરી રહ્યા હતા અને સવારે ૫ વાગે અંબાજી તરફ પ્રયાણ કર્યાના ૧૫ મિનિટમાં જ શામળાજી તરફથી આવતી ટ્રકે તેજ બસ સ્ટેન્ડમાં ઘુસી ગઈ હતી. બસ સ્ટેન્ડના ફૂરચેફુરચા ઉડાવી દીધેલા ટ્રકના પણ ટાયર અલગ થઈ ગયા હતા. અકસ્માતમાં ટ્રકના ડ્રાઈવર અને ક્લીરને સામાન્ય ઈજાઓ થઈ છે. પરંતુ ઘટનાની ગંભીરતા જોતા જો કોઈ બસ સ્ટેન્ડમાં હાજર હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ ગઈ હોત. હાલ તો અકસ્માતનું કારણ ડ્રાઈવરના જણાવ્યા અનુસાર કોઈ અન્ય વાહન પાછળથી ટક્કર મારી જતા તે બસ સ્ટેન્ડમાં ઘુસી જઈ ખાડામાં પડી હતી. ત્યારે ઉમેદપુર ગામના શાળાએ જતા વિદ્યાર્થીઓ પણ સવારે ૬ વાગે આ સ્ટેન્ડ પર આવતા હોય છે. ત્યારે ગામલોકોએ પણ ભગવાનનો ઉપકાર માન્યો હતો. મોડાસા પોલીસે અકસ્માત અંગે વિગતસરની કાર્યવાહી હાથ ધરી છે.

બામણા ડી. એમ. બી. પી. હાઈસ્કુલમાં વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજાયું

ભિલોડા,તા.૧

બામણા ડી. એમ. બી. પી. હાઈસ્કુલમાં કાંચી શાળા વિકાસ સંકુલ હમીરગઢ-૨૦૧૭ વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજાયું હતું.મુખ્ય મહેમાન જીલ્લા શિક્ષણાધિકારી આર.એચ. ઉપાધ્યાય, અતિથી રાજેન્દ્રસિંહ જોધા, ડૉ.અનિલભાઈ જે.રાવત, સાબરકાંઠા જીલ્લા આચાર્ય સંઘ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ ચિમનભાઈ પંડ્યા, મંત્રી જગદીશભાઈ જોષી હાજર રહી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. સ્વાગત પ્રવચન અને આભાર દર્શન આચાર્ય આર.ડી. પટેલએ કર્યું હતું.

ભિલોડા તાલુકામાં વરસાદથી થયેલ નુકશાનની સમીક્ષા કરતા રાજેન્દ્ર પારધી

ભિલોડા, તા. ૧

તા. ૨૮-૮-૨૦૧૭ના રોજ આવેલ ભારે વરસાદથી અરવલ્લી જિલ્લામાં ભિલોડા તાલુકાના વાંકાનેર(છા), મહેરૂ, ઝુમસર(છા), કુંડોલ પાલ, રાયસિંગ પુર, દહેગામડા, વાંદિયોલ, સુનોખ, વાગોદર અને સુનોખ ગામમાં ભારે નુકશાન થયેલ તેવા સમાચાર મળતાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી તાલુકા પંચાયતના અધિકારી-કર્મચારીઓને ટીમ સાથે આ ગામડાઓની મુલાકાત લીધેલ અને ગામમાં થયેલ નુકસાનની માહિતી મેળવેલ અને જે લોકોના કાચા-પાકા મકાનોને જે નુકશાન થયેલ તેઓને વહેલી તકે જે સહાય ચૂકવવામાં આવશે વધુમાં તેઓએ આ દિવસે વીજળી પડવાથી મઉ છાપરા ગામે મૃત્યુ પામેલ મૃતકના પરિવારની મુલાકાત લીધેલ અને નિયમોનુસાર જે સહાય મળે છે તે તાકીદે ચુકવવામાં આવશે તેમ જણાવેલ.

તેમજ પ્રમુખે વધુમાં જણાવેલ કે અગાઉ અરવલ્લી જિલ્લામાં આવેલ અતિવૃષ્ટિને કારણે જે કાચા મકાનો પડી ગયેલ તેનો સર્વે કરાયેલ જેમાં ૨૦૩૦ જેટલા કાચા મકાન અને ઝુંપડા પડી ગયેલ અને ૬૮૨ કેસો ધ્યાનમાં આવેલ જે જે પૈકી ૭૦.૫૦ લાખ જેટલી સહાય તાકીદે ચેક દ્વારા ચૂકવવામાં આવેલ. આ ઉપરાંત પાકા અને અધ કાચા મકાન થયેલ નુકશાન અને પડી જવા અંગેનો સર્વે કરાવતા ૪૪ કેસો ધ્યાનમાં આવેલ જેની ૧૩.૧૬ લાખની સહાય આજ દિન સુધી ચેક દ્વારા ચૂકવવામાં આવેલ છે. જ્યારે જિલ્લાના પશુપાલકોને થયેલ નુકશાન અંગે સર્વે કરાવતા કુલ ૪૩ પશુ મૃત્યુ થયેલ જેમાંથી ૨૪ કેસો મંજુર કરવામાં આવેલ અને ૫.૦૬ લાખ જેટલી સહાય ચૂકવવામાં આવેલ છે. જ્યારે માનવ મૃત્યુની વાત કરીએ તો જિલ્લામાં ૧૦ માનવ મૃત્યુ થયેલ જેમાં ૪ કેસો મંજૂર કરવામાં આવેલ છે. જેઓના પ્રત્યેક પરિવારને ૪ લાખ જેટલી સહાય એટલે કે ૧૬ લાખ જેટલી સહાય ચૂકવવામાં આવેલ છે. અમુક કિસ્સામાં અરજદારના પરિવાર દ્વારા પોસ્ટમોર્ટમ ન કરાવવાને કારણે અરજી ના મંજુર કરવામાં આવેલ છે અને જેની સહાય ચૂકવવા અંગે રાજ્ય સરકારને રજુઆત કરવામાં આવશે. જ્યારે વીજળી પડવાને કારણે થયેલ મૃત્યુ અંગે સમીક્ષા કરી આ અંગે સરકારી નિયમોનુસાર સહાય કરવા જિલ્લા પંચાયત તરફથી કાર્યવાહી હાથ ધરી ચૂકવવામાં આવશે. જ્યારે ખેતી તેમજ માર્ગ અને મકાન ક્ષેત્રે થયેલ નુકસાનની દરખાસ્ત રાજ્ય સરકારમાં મોકલવામાં આવેલ છે જે મંજુર થયેલ તાકીદે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ અખબારી યાદીમાં જણાવેલ છે.

ખેડબ્રહ્મામાં પદયાત્રી સેવા કેમ્પનું ઉદ્ઘાટન

ખેડબ્રહ્મામાં ગુરૂવારના રોજ અંબાજી જતા પદયાત્રીઓને સેવા અર્થે બે કેમ્પોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડબ્રહ્મા યુવા ગ્રૂપ દ્વારા સંચાલીત શિતકેન્દ્ર સામેના કેમ્પનું ઉદ્ઘાટન સાબરકાંઠા એસ.પી. પ્રવિણ માલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં યુવાના જીજ્ઞેશ રાવલ, પ્રવિણ રાવલ, બ્રિજેશ બારોટ સહિતના વોલેન્ટીયર્સ હાજર રહી પદયાત્રીઓને મેડીકલ, આયુર્વેદીક ઉકાળો તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે ચાડા ગામે અંબાજીવાળા ચુંદડીવાળા માતાજી દ્વારા કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં આવનાર ભક્તોને ઈડલી-સંભાર આપવામાં આવી રહ્યો છે. આ કેમ્પના સમારંભમાં અશ્વિન કોટવાલ, રામજી મહરાજ, નરેશભાઈ પટેલ, સચિન જોષી ઉપસ્થિત રહ્યા હતા.

મેઘરજના લીંબોદરા ઢૂંઢા ગામે શંકાશીલ પત્નીએ ગેરકાયદેસર મંડળી રચી મહિલાને ઢોર માર માર્યો

મેઘરજ, તા. ૩૧

અરવલ્લી મેઘરજ તાલુકાના લીંબોદરા ઢૂંઢા ગામે એક મહિલાએ ગેરકાયદેસર મંડળી રચી ગામની જ અન્ય એક મહિલા પર તેના પતિ સામે જોતી હોવાનો ખોટો વહેમ રાખી ઢોર માર મારતા અને લાકડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી અપાતા પીડિત મહિલા સહીત પરિવારજનો ફફડી ઉઠ્યા હતા અને પીડિત મહિલાના પુત્રએ મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મહેસાણા જિલ્લાના માર્ગો અંબાજી પદયાત્રીઓથી છલકાયા

મહેસાણા, તા. ૧

તંત્ર ચૂડામણિમાં થયેલ ૫૧ શક્તિપીઠો પૈકી ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં અંબાજી ખાતે આવેલ આદ્યશક્તિ જગતજનની મા અંબાનું પ્રાચિન તીર્થ એક મહત્વનું શક્તિપીઠ ગણાય છે. આ શક્તિપીઠમાં દર પૂનમ, ચૈત્રી અને આસો નવરાત્રી તેમજ ભાદરવી પૂનમનું વિશેષ મહત્વ રહ્યું છે. આમાં ભાદરવી પૂનમના મેળાનું સવિશેષ મહત્વ છે. ભાદરવી પૂનમનો દિવસ અંબા માતાના પ્રાગટ્યદિન તરીકે ઉજવાતો હોઈ આ મેળામાં લાખોની સંખ્યામાં ભાવિકો શ્રદ્ધા અને ઉમંગથી અંબાજી જતા હોય છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવી પૂનમ નજીક હોઈ માર્ગોપર સંઘો અને પદયાત્રીઓ નજરે પડી રહ્યા છે.

ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાંથી ભાવિકજનો જેમાં યુવાનો, યુવતીઓ, મહિલાઓ, પુરૂષો, વૃદ્ધો સૌ કોઈ આરાસુરી અંબાજી તરફ જતા માર્ગો પર પદયાત્રીઓ સંઘોનો જયઅંબે, બોલ મારી અંબે જય જય અંબે, અંબાજી દૂર હે જાના જરૂર હૈ ના જયનાદ કરીને પ્રયાણ કરી રહ્યા છે. મહેસાણા જિલ્લાના તમામ શહેરો, નગરો અને ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સંઘો માની ધજા પતાકા સાથે તેમજ મહિલાઓ માથે ગરબો લઈને ભાદરવા સુદ પાંચ-છઠ્ઠથી અંબાજી જવા નીકળે છે. પરંતુ ચાલુ વર્ષે દશમ-અગીયારસથી માર્ગો ઉપર ભક્તોની ભીડ વધુ જણાય છે. પદયાત્રીઓમાં ઊંચ નીચના કે નાત-જાતના કોઈ ભેદભાવ જણાતા નથી.

દરમિયાન મહેસાણાથી વિસનગર, ખેરાલુ, સતલાસણાના માર્ગે, મહેસાણાથી ઊંઝા, સિદ્ધપુર છાપી, વડગામના રસ્તે ભક્તો, સંઘોએ અંબાજી તરફ પ્રયાણ શરૂ કર્યું છે. આ રસ્તાઓ પર યાત્રિકો, સંઘોની સગવડ ખાતર ચા પાણી, નાસ્તો, ભોજન, ગરમ પાણી, લીંબુ સરબત, વિસામાની તેમજ રાત્રી રોકાણ માટે દાદ માગી લે તેવી વ્યવસ્થા યુવક મંડળો, ભક્ત મંડળો, સેવાભાવી સંસ્થાઓ તેમજ દાતાઓના સહકારથી ઉભી કરવામાં આવી છે. સેવા કેન્દ્રોની સાથે માર્ગોમાં રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે તેમજ મેડીકલ કેમ્પોનું આયોજન થયેલ છે. હળાહળ કળિયુગમાં મા અંબા યાને વાઘેશ્વરીનું ઘણું મહત્વ રહ્યું છે. અરવલ્લીની ગીરીકંદરામાં નવા ક્લેવર ધારણ કરેલ શક્તિપીઠ અંબાજીના મંદિરમાં માના દર્શન કરીને ધન્યતા અનુભવવાનો લ્વાહો ખરેખર અનેરો છે. વર્તમાન સમયમાં વરસાદ, ગરમી અને મોંઘવારીના કારણે યાત્રીકોનો ધસારો ઓછો જણાય છે.

અરવલ્લી જિલ્લા એસ.ઓ.જી. કોન્સ્ટેબલનું ગઢા નજીકથી મેશ્વો નદીના ડીપ પરથી તણાતા મોત

અરવવલ્લી, તા. ૧

અરવલ્લી જિલ્લા એસઓજીમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે મોડાસામાં ફરજ બજાવતો અને સાબરકાંઠા જિલ્લાના હાથરોલ ગામનો પોલીસ જવાન બુધવારની રાત્રીએ મોડાસા ફરજ બજાવી આથરોલ ગામે પરત ફરતા ગઢા-અદાપૂરની મેશ્વો નદી પર બનાવેલી ડીપ પરથી બાઈક લઈને પસાર થતા ડીપ પર પાણીનો પ્રવાહ અચાનક વધી જતા પોલીસ જવાન પાણીના પ્રવાહમાં તણાતા હાહાકાર મચ્યો હતો અને ડીપ પર પડેલ બાઈકના આધારે ફાયર અને પોલીસની ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી પાણીમાં તણાયેલ પોલીસ જવાનની લાશ ભારે જહેમત બાદ શોધી કાઢવામાં સફળતા મળી હતી. એસ.ઓ.જી અરવલ્લીમાં ફરજ બજાવતો પોલીસ જવાન તણાયો હોવાની જાણ થતા જિલ્લા પોલીસ તંત્ર, મામલતદાર અને ફાયર બ્રિગેડના તરવૈયાઓની ટુકડી પહોંચતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. મોડાસા રૂરલ પોલીસે પોલીસ જવાની લાશને પી.એમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના ગઢા અદાપૂર પાસેના મેશ્વો નદીના ડીપ ઉપરથી રાત્રી દરમિયાન બાઈક લઈ પસાર થવાના સમયે પાણીનો પ્રવાહ એકાએક વધતા કોન્સ્ટેબલ તણાયા હતો જેને શોધવા રેસ્ક્યુ હાથ ધરાયુ હતું. સંજય ઉર્ફે રામજી લલ્લુભાઈ દેસાઈ(ઉં.વર્ષ-૨૬)નામનો પોલીસ કોન્સ્ટેબલ મોડાસા એસઓજીમાં બજાવતો હતો અને ફરજ બજાવી તેમના વતન આથરોલ ગામે ગત રાત્રીએ પરત ફરી રહ્યા હતા જે મોડી રાત સુધી ઘરે પરત ન ફરતા શોધખોળ હાથ ધરી હતી. આજે સવારે અદાપૂર મેશ્વો નદીના બ્રિઝ પરથી બાઈક અને પોલીસ જવાનની પેન ત્યાંથી મળી આવી હતી જેને લઈ મોડાસા ફાયર ફાઈટર તરવૈયાની ટિમ અને જીલ્લા પોલીસ સહિત મામલતદાર બનાવ સ્થળે પહોંચી રેસ્ક્યુ હાથ ધર્યુ હતું. બનાવના ૨૦ કલાક બાદ ભારે જહેમત બાદ પોલીસ જવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાને પગલે આસપાસના લોકોનો ટોળા ઉમટ્યા છે બે બહેનો વચ્ચે એકના એક ભાઈના મોતથી પરિવારમાં આક્રન્દનો માહોલ છે. બે વર્ષથી પોલીસમાં નોકરી કરતા જવાનના મોતથી હાલ પરિવાર પર જાણે આભ તૂટી પડયાના દ્રશ્યો સર્જાયા છે અને સમગ્ર પંથકમાં શોકનો માહોલ સર્જાયો છે.

દિયોદર-ખીમાણા હાઈવે રોડ પર જસાલી રોડ પાસે અકસ્માત

શિહોરી, તા. ૧

કાંકરેજ તાલુકાના ખીમાણા-દિયોદર રોડ પર બપોરના સમયે એક બોલેરો ગાડી ખીમાણાથી દિયોદર તરફ જતી હતી ત્યારે અકસ્માત નડ્યો હતો. બોલેરો ગાડીના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ગાડી ચોકડીમાં જઈ ખાબકી હતી. જ્યારે ડ્રાઈવરનો આબાદ બચાવ થવા પામ્યો હતો. ધાડાકા સાથે ગાડીનો અવાજ સંભળાતા સ્થાનિક લોકોના ટોળા એકઠા થવા પામ્યા હતા. જો કે સ્થાનિકો દ્વારા જાણવા મળ્યું હતું કે ગાડી દિયોદર તરફ જઈ રહી હતી ત્યારે ઘોડી વચ્ચે આવી જતા ડ્રાઈવરે બ્રેક મારતા આ સમગ્ર ઘટના બની હતી. જો કે ખરેખર બનાવ કેવી રીતે બન્યો તેની વિગત હજુ સુધી મળી ન હતી. આમ ખીમાણા દિયોદર રોડ પર જસાલી જવાના રોડ પાસે આ ઘટના બનવા પામી હતી. જે બાબતે અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. જો કે ગાડીના ચાલક અને એક પોલીસ કોન્સ્ટેબલ જમાદાર સાથે જીભાજોડી થવાની વાતો પણ લોકોમાં ચર્ચાનો વિષય બનવા પામી છે.